પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY)નું
અમલીકરણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ
વિભાગને તબદિલ કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇસીડી-૧૧૨૦૧૮-૬૯૫-બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૬/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારનો તા.૧૯/૦૫/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : F. No. 11-9/2017-MBP
(૨) ભારત સરકારનો તા.૦૯/૦૮/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : F. No. 11-9/2017-MBP
(3) ભારત સરકારનો તા.૦૯/૦૮/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : No. 13/7/2017-MBP
(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૩/૧૧/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૦-જીઓઆઇ-૨૨૩-બ
(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૪/૦૨/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૮-૭૦૯૫૭૬-બ

આમુખ:-

વંચાણે લીધેલ (૧) થી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લી દ્વારા દેશના તમામ જિલ્લાઓમાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના તા.૧-૧-૨૦૧૭ થી અમલમાં મૂકવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) થી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લી દ્વારા માતૃત્વ સહયોગ યોજનાનું નામ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ (3) થી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લી દ્વારા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાની નવી સુધારેલી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૪) થી ભારત સરકારના પત્રો અને માર્ગદર્શિકા અન્વયે રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાની વહિવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૫) માં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના અમલીકરણ માટે સ્ટેટ સેલ તથા ડીસ્ટ્રીક્ટ સેલ માટે જગ્યાઓની મંજુરી આપવામાં આવેલ છે.

ARL

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના સુરક્ષિત માતૃત્વ સાથે જોડાયેલ શરતી સહાય યોજના છે, જેમાં સવેળા સગર્ભાવસ્થાની નોંધણી, પૂર્વ પ્રસુતિ તપાસ, જન્મની નોંધણી અને રસીકરણ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. ઉક્ત સેવાઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવે છે. જેથી લાભાર્થીઓની આ માહિતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ પાસેથી મેળવવાની રહેતી હોવાથી અમલીકરણમાં મુશ્કેલીઓ અને વિલંબ અનુભવાય છે. પરિવારનાં બીજા બાળક માટે સમાન પ્રકારની યોજના કસ્તુરબા પોષણ સહાય યોજના (KPSY) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલીકૃત છે. જો ઉક્ત બન્ને યોજનાઓનો એકજ વિભાગ દ્વારા અમલ કરાશે તો પ્રચાર-પ્રસારનો બેવડો ખર્ચ થતો અટકાવી શકાશે. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલ કરવામાં આવે તો યોજનાનો લાભ મેળવવો લાભાર્થીઓ માટે સરળ બની શકે અને ઉક્ત યોજનાઓના અપેક્ષીત પરિણામોની અસરકારકતા જોઇ શકાય એ માટે પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાને મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને તબદીલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના લાભાર્થીઓને લાભ સરળતાથી અને સમયસર મળી રહે તે હેતુથી "પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના", મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને આથી નીચેની શરતોએ તબદીલ કરવામાં આવે છે.

શરતો:-

૧) યોજનાના લાભાર્થીઓને ડીબીટીથી સહાય ચૂકવવા કમિશ્નરશ્રી, આરોગ્ય દ્વારા એસ્ક્રો એકાઉન્ટ ખોલાવવાનું રહેશે.

૨) પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના અમલીકરણ માટે કમીશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા ખોલાવવામાં આવેલ એસ્ક્રો એકાઉન્ટમાં તા. ૩૧-૦૭-૨૦૨૦ એ જમા રકમ કમીશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરીના એસ્ક્રો એકાઉન્ટમાં તબદીલ કરવામાં આવશે.

ARS

૩) પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાની મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારની તા.૦૯/૦૮/૨૦૧૭ ની ગાઇડલાઇનમાં જણાવ્યા મુજબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તબક્કાવાર કામગીરી કરવાની રહેશે.

૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યોજનાઓના અમલીકરણ માટે સુદ્રઢ વહીવટી માળખું કાર્યરત છે. જે ધ્યાને લઈને રાજ્યમાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના અમલીકરણ માટે મંજુર થયેલ કુલ ૬૮ જગ્યાઓની કામગીરીની સમીક્ષા કરીને આઉટસોર્સિંગની સેવા સમાપ્ત કરવાની રહેશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો અમલ હયાત મહેકમ મારફતે કરવાનો રહેશે. કોઇ નિયમિત કે આઉટસોર્સિંગ સેવા હેઠળ સેવા મેળવવાની રહેશે નહીં.

૫) પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના અને કસ્તુરબા પોષણ સહાય યોજનાના પ્રચાર-પ્રસાર માટે થતાં ખર્ચની સમીક્ષા કરીને સમીક્ષાના અંતે અનાવશ્યક ખર્ચ ન્યુનત્તમ કરવાનો રહેશે.

૬) મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં ૧૦૬-૨૨૩૬-૮૦૦-૧૫ સદરના વિભાગ-૨ માં ચાલુ બાબત તરીકે મહેસૂલ સદરે રૂ.૨૦.૮૫ કરોડની બજેટ જોગવાઇ કરેલ છે. આ બજેટ જોગવાઇ આરોગ્ય વિભાગને તા ૦૧/૦૮/૨૦૨૦ થી તબદીલ કરવાની રહેશે.

૭) પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના અમલીકરણ અને સંકલનના સંભવિત પ્રશ્નો, મુદ્દાઓ વગેરેના નિરાકરણ માટે અગ્ર સચિવશ્રી (આરોગ્ય) ના અધ્યક્ષ સ્થાને સમિતિની રચના કરવાની રહેશે. જેમાં સચિવશ્રી (મ.બા.વિ.), કમિશ્નરશ્રી (મ.બા.વિ.) તેમજ કમિશ્નરશ્રી (આરોગ્ય) નો સભ્ય તરીકે સમાવેશ કરવાનો રહેશે. આ સમિતિ યોજના તબદીલીને લીધે ઉપસ્થિત થનાર બાબતોનું યોગ્ય રીતે નિરાકરણ લાવશે અને આ સમિતિની મુદત એક વર્ષની રહેશે, ત્યારબાદ સમિતિ સમાપ્ત કરવાની રહેશે.

૮) પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાના અમલીકરણને લગતી વધારાની સુચનાઓ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ દ્વારા કમિશ્નરશ્રી, આરોગ્યને અલગથી જણાવવામાં આવશે.

આ ઠરાવની અમલવારી તા. ૦૧-૦૮-૨૦૨૦ થી કરવાની રહેશે.

ARS

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૨૫/૦૩/૨૦૨૦ અને નાણાં વિભાગની તા. ૨૨/૦૩/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

A Christian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨) માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

3) માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪) માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૫) માન. રા.ક.મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૬) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૧૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે જિલ્લા પંચાયત ની કચેરી

૧૨) કમિશ્નરશ્રી, સર્વે મહાનગરપાલિકા

૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી ની કચેરી (અમદાવાદ,વડોદરા સુરત રાજકોટ)
૧૪) પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે જિલ્લા પંચાયતની કચેરી
૧૫) પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) સર્વે મહાનગરપાલિકાઓની કચેરી
૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
૧૭) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
૧૯) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
૨૦) શાખા સિલેક્ટ ફાઇલ